**ઇલેક્ટ્રીસીટી કેસ નં.૧૭/૨૦૨૪ ના કામે આંક-૧ લગત હુકમ**

---

પ્રસ્તુત કેસ વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયે આરોપી વિરૂધ્ધ દાખલ કરતા તે અન્વયેનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થયેલ. ગુનાની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન પોલીસ ઇન્સ્પેકટરશ્રી જી.યુ.વી.એન.એલ. નાએ આંક-૦૭ થી રીપોર્ટ કરેલ છે કે, વીજળી ચોરી અન્વયેની રકમ આરોપીએ ભરી દીધેલ છે અને તે સાથે પી.જી.વી.સી.એલ. ના નાયબ ઇજનેરશ્રીએ લખેલ પત્ર રજુ કરેલ છે, જે મુજબ આરોપીએ વીજ ચોરીની રકમ ભરી દીધેલ છે અને આ તેમનો પ્રથમ ગુન્હો છે જેથી નાયબ ઇજનેરશ્રીનો રીપોર્ટ ધ્યાને લેતા તથા વીજળી અધિનિયમની કલમ-૧૫૨(૨) ધ્યાને લેતા જયારે આરોપીએ વીજ ચોરીની રકમ પુરેપુરી ભરી દીધેલ હોય તેમના વિરૂધ્ધ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે નહી તેવુ જણાવેલ છે અને તે મુજબ ગુનાની માંડવાળ થયેલ છે તેવુ જણાવેલ હોય સદર કાયદાની કલમ-૧૫૨(૨) અન્વયે ગુનાની માંડવાળ થયેલ છે તેમ ગણી ગુનાની ઇન્સાફી કાર્યવાહી બંધ કરી આરોપીને વિજળી અધિનિયમની કલમ-૧૩૫ ના ગુનામાં અધિનિયમની કલમ-૧૫૨(૩) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

હુકમ આજરોજ કન્ટીન્યુઅસ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮/૦૭/૨૦૨૬<br>
સ્થળઃ- ઉના.

(એસ.એમ.ગોવાણી)<br>
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ અને<br>
સ્પેશ્યલ જજ(ઇલેકટ્રીસીટી)<br>
ગીર સોમનાથ એટ ઉના,<br>
કોડ નં. જીજે. ૦૦૯૧૮.